# ફકીરની પાળ

હવે તો હદ જ થઈ ગઈ છે. હવે આ લીમડો શું ચૂંદડી અને ચાદર પણ ઓઢશે? એ પણ શું કરી શકે એમ છે? મારી જેમ એ પણ ક્યાં કશું બોલી શકે છે? આ લોકો સમજે તો સારું, મારે તો કંઈ શ્વાસ ન લેવાનો હોય, પણ લીમડો તો શ્વાસ લે છે. બળી મરશે, જો રોજેરોજ આમ ચૂંદડી અને દોરામાં વીંટળાતો રહ્યો તો! આ બધી કરામત આ ફકીરની છે; જ્યારથી એણે આ કબ્રસ્તાનનો આશરો લીધો છે, ત્યારથી હું હાજરાહજૂર બની ગઈ છું.

આજ સવારથી લીમડો લવારે ચડ્યો છે. એની ડાળે-ડાળે લાલ-લીલી ચૂંદડીઓ ચડે છે. એ તો ગભરાઈને આ દીવાલને આંબવા જાય, પણ અહીં પણ આ મસ્તાને બદહાલી કરી છે. કોઈ એને મસ્તાન કહે તો કોઈ ચમત્કારી કહે, પણ મને તો આ ફકીર એક ગરીબ મૂંગા સિવાય કંઈ જ નથી લાગતો. થોડાં વર્ષો પહેલાં કોમી તોફાન થયેલા ત્યારનો ક્યાંકથી અહીં આવી ગયેલો. આમ તો ત્રીસી વટાવેલો હશે, પણ ચીંથરેહાલ અસ્તવ્યસ્ત દેખાવમાં ઉંમર વટાવેલો લાગતો હતો ને હું તો એક સામાન્ય દીવાલ! કબ્રસ્તાનની હદ બાંધવા સિવાય મારું બીજું કંઈ જ કામ નહીં. સામે ઊભેલો લીમડો મારો દોસ્ત. એ લહેરાતો અને હું એને જોયા કરતી. આમ ને આમ અમારા દિવસો પસાર થતા રહેતા. આમ જ અમે અનંત જીવી જાત કદાચ, પણ આ ફકીરે અહીં આવીને અમારી કિસ્મતની કોઈ નવી જ લકીર ખેંચી છે જાણે! એને ક્યારેક કોઈ પૈસા અને ક્યારેક કોઈ ખાવાનું આપતા. ધીમે-ધીમે લોકોને એની પાસે આવીને પોતાનાં દુઃખ દૂર થતાં જણાવા લાગ્યા.

બસ! પછી તો શું? લોકો આવે અને પોતાની મુસીબત જણાવે અને ફકીરને પૈસા કે સદકો કંઈ પણ આપે. જો એ ફકીર લઈ લે તો એમ માનીને જાય

કે એમની મુસીબત દૂર થઈ અને જો એ ન લે તો એમ સમજે કે હવે એ માનતા પૂરી નહીં થાય.

એક વખત કોઈ આવેલું અને ફકીર ત્યાં હતો નહીં તો પોતાની માનતાનો કોલ જાણે ત્યાં જ મૂકતો ગયો હોય એમ મારે કાંગરે દોરો બાંધી ગયો. પછી તો લોકો અહીં માનતાના દોરા પણ બાંધતા થઈ ગયા ને મને તો યુવાની આવી. આટઆટલાં વર્ષોથી જર્જરિત હાલતમાં રહેલી હું જાણે નવવધૂ હોઉં એમ સિમેન્ટ અને કૉન્ક્રીટ ખાઈ, રંગરોગાન ઓઢી ચમકી ઊઠી. મારું નવું નામ હતું, 'ફકીરની પાળ'!

ફકીર આ બધું જ જોયા કરે. જાણે અમને બંનેને ઓળખતો હોય એમ ક્યારેક મને તો ક્યારેક લીમડાને જોયા કરે. ફકીર જેવી લીમડા સામે નજર ફેરવે કે લોકો કહે, 'એ જુઓ, બાપુ પ્રેત જુએ છે!' પછી તો એ પણ શરૂ થયું! કલ્પાંત કરતા અને માનસિક બીમાર લોકો આવતા. ફકીર એમના માથે હાથ મૂકતો. લીમડે ચાદર ચડતી રહેતી. દરેક ધર્મના લોકો આવતા. આમેય દુઃખને પણ ક્યાં કોઈ ધર્મ હોય છે?

લીમડો ખૂબ જ અકળાતો. ક્યારેક કોઈના માથે હવામાં ચાદર ખેરવી ડાળ હલકી કરી નાખતો. લોકોને એમાં પણ ચમત્કાર જ દેખાતો. દોરાનો બોજ તો એના જેમ મને પણ હેરાન કરતો અને સૌથી વધુ એ વાતો, જે મારી પાસે આવીને એ લોકો કહેતા. હું તો દીવાલ, મારે જાન નહીં પણ કાન તો ખરા ને? કોઈને દીકરો જોઈએ, કોઈને લગ્નના અભરખા, કોઈ જીવનનું વરદાન માગે તો કોઈ મોતનો આરામ યાચે, ક્યારેક કોઈ મા પોતાના દીકરાની ફરિયાદ મારે કાંગરે બાંધે અને ક્યારેક કોઈની ભૂખાળવી ગરીબી મારું અંતર વીંધતી જાય. હવે તો મને પણ આ માનતાઓનો ભાર કળાતો હતો. અધૂરી માનતાઓના કાંટા રાત-દિવસ મને વાગ્યા કરતા અને લોકોનાં સપનાં લીમડાની ફરતે વીંટળાયાં કરતાં. જો અમારા આવા હાલ છે તો બિચારા ફકીરની શું હાલત હશે? બધાને રોજ સાંભળે, એની આસપાસ લોકોનાં ટોળેટોળાં જમા હોય, પણ મને અડકીને બેઠો હોય ત્યારે પણ હૃદયના ધબકારામાં લગીરે ફેર ન પડતો. કેવો હશે આ માણસ? હવે તો મને પણ એ મસ્તાન જ લાગવા માંડ્યો હતો.

આમ ને આમ વર્ષો વીતી ગયાં. મારી અને ફકીરની ચર્ચાઓ ગામેગામ ફેલાતી રહી. મેદનીઓ ભરાવા લાગી. ફકીર યથાવત્ હતો અને વધુ ઝાંખો થતો જતો હતો. આ બાજુ મારો તો અહમ્ જાગી ઊઠ્યો. મારામાં કોઈ ચમત્કાર તો હોવો જ જોઈએ કે અહીં માનતાઓ ફળે છે, એક આ ફકીરડાને જ મારી કંઈ પડી નહોતી.

■

એક દિવસ સાવ જ જુદો ઊગ્યો. મેળાવડામાં એક નમણી બાઈ ભળી, ચળકતા રુઆબદાર વસ્ત્રોમાં! કોઈનું પણ ધ્યાન ખેંચે એવી એની ચાલ. માથે માત્ર અડકે એમ રાખેલા આછા ઓઢણામાંથી લાંબો ઝૂલતો ચોટલો એની ચાલને લય પૂરો પાડતો હતો. ચહેરા પરથી યૌવનની ગુલાબી ઊડે, પણ કાજળ ધરેલી આંખો અગોચર મનની ચાડી ખાતી હતી. સાથે એક ગુલામડી સદકા[1]નો સામાન લઈને ચાલતી હતી. પુરુષો આ ચોટલાવાળી માલકણને નજર ઉઠાવી જોયા કરે અને બાઈઓ મોઢું બગાડી ગુસપુસ કરે, ‘આવી ગઈ છપ્પરપગી, આખા ગામને વંટોળે ચડાવ્યું છે આ બાઈએ તો! હવે તો આ જગ્યા પણ નાપાક કરવા આવી.’ બૈરાં દેખીતી રીતે જ એનાથી અભડાતાં હતાં.

એ મારી લગોલગ આવીને ઊભી રહી. માનતાનો કામચલાઉ દોરો બાંધ્યો. મેં એને સાંભળવાની જહેમત શરૂ કરી, પણ એના મનમાં કોઈ વિચાર જ નહીં! હું બોલતી રહી, ‘માગ, તને જોઈએ એ માગ!’ પણ એ તો એમ જ ઊભી રહી. હું એને ઓળખવા મથતી રહી. ક્ષિતિજની છેલ્લી સપાટી જેટલું અનંત અને ધગધગતા રણ જેવું બંજર મન, ભેંકાર અને નીરવ! મારામાં એક કંપન ઊઠ્યું ને કદાચ એણે પારખ્યું હોય કે બીજી જ ક્ષણે ફકીર તરફ રુખ કરી એને સદકાની શાલ અને પૈસા આપવા હાથ લંબાવ્યા. એના ગોરા હાથના સીધા ભાગ પર એક ચાંદરાત જેવું છૂંદણું હતું. ‘નૂન’[2] હતો કદાચ! છૂંદણું જોઈને ફકીર બેચેન થઈ ગયો અને એનો હાથ એક ઝટકાથી ફગાવી દીધો. એક પળનો પણ વિચાર કર્યા વગર એ હતાશ થઈ ત્યાંથી જતી રહી.

---

*1 સદકો = ધાર્મિક આસ્થાથી થતું દાન*

*2 નૂન = અરબી ભાષાનો ‘ન’*

'બાપુ તો આવી નાપાકના પડછાયાથીયે આઘા રહે', ટોળામાં વાત ભળી.

એના ગયા પછી ફકીર ખૂબ જ બેચેન રહ્યો. મને અને લીમડાને લાગતું હતું કે હમણાં ફકીર કશુંક બોલશે કે કંઈક કરી ઊઠશે! ફકીરે હાથનો ઇશારો કરીને બધાને જવાનું કહી દીધું. મને અડકીને આખી રાત વિચારતો રહ્યો. એ મસ્તાનનું હૃદય પહેલી વાર એટલા જોરથી ધડકતું હતું કે જાણે હમણાં એના શરીરને વીંધીને મારી માથે પછડાશે! મન કોઈની મૈયત થયાનું આક્રંદ કરતું હતું અને એ કોરી આંખો આટલાં વર્ષોમાં પહેલી વાર વરસી રહી હતી. કોઈ ગેબી શક્તિ મળી હોય એમ પહેલી વાર એનું મન ચીસો પાડીને મને ફરિયાદ કરતું હતું, 'નૂરી, મારી દીકરી... નૂરી.. '

એ રાતે એનાં ડૂસકાં મારા પથરાળ શરીરને છેદતા રહ્યા. એના આક્રંદથી મારી અંદરનું બંજરપણું જાગી ઊઠ્યું હતું. રાતના અંધારામાં એ કાયમ માટે ગાયબ થઈ ગયો. ત્યારથી હું અને લીમડો એના ગાયબ થવાની લોકવાયકા સાંભળતાં આવીએ છીએ. લોકો કહેતાં કે 'ફકીરમાં જીન હતો.'

■

ફકીર તો ગયો, પણ મુરશદો અને મુરીદોનો આ દુનિયામાં તોટો નથી, એમાં પણ આ તો હાજરાહજૂર જગ્યા! થોડા જ અરસામાં એક પછી એક એમ દરેક જગ્યાએ કોઈ ને કોઈ આવતું રહ્યું. કોઈ વૃદ્ધને લઈને આવેલા બે-ચાર મુરીદોએ અહીંની ગાદી સંભાળી લીધી. વખત વીતતો ગયો, ઉર્સ[3] ભરાવા લાગ્યા. પછી તો મેદનીનો પાર નહીં. કોઈ માલેતુજારે આવીને મારા પંડને વખતોવખત શણગાર્યા કર્યું. નવાં ચણતર થયાં, રસ્તા બંધાયા, આસપાસ ફૂલ-ચાદરોની અને ખાણી-પીણીની નાની-મોટી દુકાનો બની. જોતજોતામાં આ સહેલાણીઓનું પર્યટનસ્થળ પણ બનવા લાગ્યું. પરિવારોના અને જુવાનિયાઓનાં અહીં ટોળાં જમા થવા લાગ્યાં. આ બધા વચ્ચે હું ફક્ત એક ગવાહીનો પથ્થર બનીને રહી ગઈ હતી, પણ મારી આસપાસ માગતા, દુઆ દેતા, તાવીજ બનાવતા, ચિલમ પીતા, ઝિક્ર[4] કરતા ફકીરોની જમાવટ થતી રહેતી. ક્યારેક કોઈનું હૃદય વાંચી જતી તો અંતરથી ઝીણું-ઝીણું ખરી

3 *ઉર્સ = પીર-ઓલિયા (અહીં ફકીર)ની મરણતિથિનો ઉત્સવ*

4 *ઝિક્ર= ઈશ્વરના નામનું સતત રટણ કરવું*

પડતી. મને મારો જૂનો જોગી યાદ આવી જતો. ક્યાં હશે એ, જે મને આવું જીવનદાન આપીને જતો રહ્યો છે? હજુ સુધી જીવતો હશે કે કેમ?

એક દિવસ દોરો બાંધવા લંબાયેલો એક મેલો હાથ આ દીવાલને અડકી રહ્યો હતો, ત્યાં જ 'એ ગાંડા... એ પાગલ' કહેતા કોઈ તોફાની બાળકનો એના તરફ જોરથી ફેંકાયેલો પથ્થર માથેથી એનું લોહી ચૂસતો સીધો જ મારા શરીરે ઝીંકાયો. મારા પ્રકોપનો મલાજો રાખી તોફાની ટોળી બીજી જ ક્ષણે તૌબા[5] ભરી દૂર થઈ. એ ધગધગતા લોહીનું આલિંગન મળે એ પહેલાં જ માથે એક વજનદાર અરજ પછડાઈને મને મારા હોવાપણાના વાસ્તા દેતી રહી. એનો ઝીણો અવાજ મને કરગરી રહ્યો હતો, 'નૂરી... નૂરી...' લીમડો ડાળ પરથી ચાદર ખેરવવાની નાકામ કોશિશ કરતો રહ્યો.

■ ■ ■

*5 તૌબા ભરવી = માફી માગવી*

# વાવણી

આગેકૂચ કરતી સવારે મોકો જોઈને બારીની તિરાડમાં ઘૂસીને પોતાનો વિજયઘોષ કર્યો. અંધારા ઓરડામાં પોઢેલાં મારાં પોપચાં ઉપર અજવાશ ઢોળાયો. ઊઘડેલી આંખો સીધી જડાઈ મોભ ઉપર! ખબર નહીં કેટલાંયે વર્ષો પચાવીને આ તોતિંગ લાકડું આજે પણ આમ જ જડાયેલું હશે? મને અહીં સપનાં નથી આવતાં અને વહેલા ધામા નાખતું અંધારું આંખોને ઊંઘનું ચાનક ચડાવી મારા નિયતક્રમ કરતાં મને વહેલાં જ પોઢાડે છે. પાછલા અઠવાડિયાનો થાક પણ હતો અને ઉમેરામાં આ ધૂળિયા ગામડાની હવાનો કોલાહલ! હા, અહીં હવા પણ પોતાના અવાજો ધરાવે છે.

આજકાલ અલાર્મ મૂકવાની જરૂર જ નથી પડતી. છતાંય હું તો શહેરનો માણસ! પોતાની અંદર એક એલાર્મ લઈને જ જીવું છું. વહેલી સવારે હોલાનો ઘુઘવાટ અને કૂકડાની કૂક નિયત સમયે પોતાનો રિયાજ શરૂ કરે ત્યારે આંખો ઊઘડી જ જાય. અહીં કૂકડા આખો દિવસ કટાણે રડ્યા કરે છે. રડતા જ હશે કદાચ, મારી જેમ એને પણ સમય વારેઘડી પૂછી-પૂછીને જ ચાલતો હશે. હું થોડી વાર આમ જ પડ્યો રહ્યો. મારું શહેર તો અત્યારે વહેલી પરોઢની છેલ્લી પૂંછડી પકડતું હશે. જે ચૂકી જશે એ આજે રાજીપામાં ઊઠ્યું નહીં હોય કે પછી એને કોઈ પૂછતું જ નહીં હોય. બહાર હીંચકાનું કિચડૂક શરૂ થઈ ગયું છે. કાકા હીંચકા પર બેસેલા હશે. હમણાં બહાર નીકળવાનો અર્થ નથી. કાકી પરાણે કહેશે, 'ભાય, થોડું વધુ સૂઈ જા, આરામ રહે થોડો.' પપ્પાની સેવાનો બધો જ ભાર કાકા-કાકીએ સહર્ષ લઈ લીધો છે. આગલા ત્રણ દિવસ આમ આરામમાં જ વીત્યા. હવે વધુ આરામ થાક લગાડી જશે એવું લાગ્યા કરે છે. નજરો સિફતથી સજાવેલી જુનવાણી અભરાઈ પર અટકી. કાકી આ જમાનામાંય તાંબા-પિત્તળનાં વાસણો રાખતાં હતાં. વચ્ચે-વચ્ચે રોગનની

ફૂલોની ભાતવાળી પ્લેટ અને ચારેય ભીંતોને આવરતી ડઝનબંધ ચમચીઓ સીલિંગ ઉપર ગામડાની એક અલગ જ ભાત પાડતી હતી. પપ્પાએ સામેની ઓરડીમાં રહેવાની ઇચ્છા જાહેર કરી એટલે મારે ભાગે આ ઓરડો આવ્યો. એક જમાનામાં આ ઓરડામાં મમ્મી-પપ્પા રહેતાં. એને આજે પણ એવો ને એવો જ રખાયેલો. આ ઓરડો જાણે કાકીની કાળજીની વકીલાત કરે છે. નાનપણમાં વપરાતું મારું ઘોડિયું કપડાંમાં વીંટીને એક ખૂણામાં પડેલું છે. એક નાના પટારામાં મારા બાળપણનાં અમુક કપડાંના દીદાર કહે છે કે કાકી ક્યારેક એને બહાર કાઢીને ધોઈને પાછાં મૂકી દેતાં હશે. ઓરડો પણ નિયમિત સાફ કરીને પાછો બંધ કરાતો હશે એવું લાગે છે. મારા આવવાથી ઓરડામાં નવું ગાદલું અને હાથની બનાવેલી રજાઈનો ઉમેરો થયો હતો. આજ સવારથી આ ઓરડો એક સવાલ લઈને જાગ્યો છે કે કાકાને આટલો વિશ્વાસ કયા કારણે હશે કે પપ્પા એક વખત તો અહીં પાછા આવશે જ?

પપ્પા એમની સામેની ઓરડીમાંથી પડ્યા-પડ્યા આખું ઘર તાકતા રહે. હમણાં બહુ બોલી નથી શકતા. એ દસ બાય દસની ઓરડી પપ્પાની આખરી ઇચ્છા હતી. મુંબઈના પ્રખ્યાત ડૉક્ટરોએ જ્યારે છેલ્લા ૭૨ કલાક આપ્યા ત્યારે પપ્પાએ આ જગ્યાએ આવવાની ઇચ્છા જાહેર કરેલી. કોઈ પણ સિક્યૉરિટી કે બૉડીગાર્ડ સાથે નહીં, ફક્ત હું અને એ જ! એમની જીદ આગળ કદી કોઈનું ચાલ્યું નથી અને મારે એમનો આ ભ્રમ એમના અંતિમ સમય સુધી પાળવો હતો.

લીલા બાવળનાં પૈડાંની સુગંધ, એની કડવી-કાંટાળી સુવાસ, બાજુની ગલીએથી ઝાંખરામાંથી પસાર થતાં નાનાં-મોટાં જાનવરોનો પગરવ, અડધી રાત્રે છત પર થતી ઉંદર-બિલ્લીની લડાઈ, ફૂલો પરથી ઊડીને ક્યારેક આવી જતાં પતંગિયા, છાપરે બેઠેલાં કાગડા, કબૂતર અને હોલા, ક્યારેક ભટકતાં કોઈ અજાણ્યાં પંખી, કેડીએ ચાલતાં મરચાં અને પીલકાંની ટોળાબંધ ચહેલકદમી, ક્યારેક ઝાંકળભીની સવારે સંભળાતા મોરના ટહુકા, રસોડામાંથી ઊઠતો ધુમાડો, વર્ષો જૂના માટલામાંથી ઊડતી પાણીની વાસ અને આવું કેટલુંયે ચોવીસે કલાક હવામાં ઓગળતું રહેતું, જેના આભાસની ભીડ વચ્ચે આજે પહેલી વખત મારી એકલતા મને ચારે બાજુથી ભીંસી રહી હતી. અહીં બધું જ ગતિવંત લાગે છે, જીવંત લાગે છે. હાથ લંબાવો અને ભેટી પડે એટલું જીવંત!

પપ્પાએ કાકા-કાકી સાથે તો દાદાના જીવતાં જ અબોલા લીધા હતા. મમ્મીના જવા પછી પોતે મુંબઈમાં વસવાની અને સુખી થવાની જીદમાં ઘર છોડેલું અને પાછા ક્યારેય ન આવવાની કસમ લીધેલી. અહીં નહોતો આવ્યો ત્યાં સુધી તો મને પપ્પાનાં પ્રૅક્ટિકલ હોવા પર ગર્વ હતો. નીનાની કહેલી વાત હવે સાચી લાગતી હતી. એ ઘણી વાર કહેતી, 'યૉર ડડ હૅઝ ગૉન આઉટ ઑફ હિઝ માઇન્ડ.' પપ્પાને ગામડું જ ગમતું હોત તો કોઈ ફાર્મ હાઉસમાં પણ જઈ શકાયું હતું!

હવા ઘડી ભર માટે ભારે થઈ. રસોડામાંથી ધુમાડો છાપરાની ઉપર જડેલી દેશી ચીમની વાટે બહાર નીકળવાને સ્થાને ઘરમાં જ ફેંકાતો હતો. કાકી ઉધરસ આવવા છતાં પણ પોતાનું કામ કરી રહ્યાં હતાં. પપ્પા માટે ભાખરી બનાવતાં હતાં. પપ્પાને ચૂલાનું રાંધણ બહુ ભાવે છે એવું કાકા વારંવાર કહેતા રહેતા. કાકાને શું હજુ એમ જ લાગતું હશે કે પપ્પા આટલાં વર્ષોમાં બદલાયા જ નથી?

પપ્પા બહારની ઓરડીથી બેઠાં-બેઠાં ઘરની અંદર નજર ફેરવતા અને કાકાને કહેતા કે આ જગ્યામાં કંઈ જ નથી બદલાયું. જવાબમાં કાકા મંદ-મંદ મલકાતા રહેતા. એમનું કંડક્ટરનું પેન્શન બે જણને નિભાવી શકે એ કરતાં તો થોડું વધારે જ હશે. નિઃસંતાન હોવા છતાંય કાકા વિચારીને જ પૈસા વાપરતા. ઘરની દરેક વસ્તુઓ કાળજીપૂર્વક સચવાઈ રહી છે. પપ્પા એમની સ્મૃતિને વાગોળી કહેતા એમ હજુ પણ એ જ કાચા ચણતરનું ઘર; એ જ ફળિયું; એ જ ઓરડા ને અંદર એ જ જૂનવાણી ઢબની મોટી-મોટી રંગહીન લાદીઓ. આ ઘરની પહોળી જગ્યામાં એક યુગલ રહી શકે એવો બેડરૂમ હજુ પણ બન્યો નહોતો. અમારો મોટો ઓરડો બંધ જ રહેતો. જરૂરતની બધી જ વસ્તુઓ કાકાના રૂમમાં હોય છે. એ ભંડારખાનું પણ, ડામચિયો પણ અને એમનો બેડરૂમ પણ અને હૉલનું કામ આ હીંચકાવાળી ઓસરી જ સરભર કરતી. પપ્પા અત્યારે જ્યાં હતા એ ઓરડી એક સમયે એમની લાઇબ્રેરી હતી અને એ હિસાબે ત્યાં હજુ પણ પુસ્તકોનો કબાટ હતો. જેમાં આજે પણ પપ્પાનાં, કાકાનાં અને દાદાનાં જૂનાં પુસ્તકો અને હસ્તપ્રતો હતાં, પણ ઉમંર પ્રમાણે એમની હાલત હવે પપ્પા જેવી જ થઈ ગઈ છે.

નીના તો અહીં એક પણ દિવસ ન રહી શકે. આ આખા ઘરથી મોટો તો અમારો બેડરૂમ જ હતો! સારું છે અત્યારે એના પિયરમાં છે. ઑસ્ટ્રેલિયાથી મુંબઈ જ માંડ આવે છે તો અહીં તો કેમ ટકે? પોતપોતાનાં મા-બાપની સાર-સંભાળ પોતે જ લેવાની એવો સમજૂતીકરાર અમે બરાબર પાળીએ છીએ. ક્યારેક થાય છે પપ્પાની આખરી ઇચ્છાની મને ખબર હોત તો આ જગ્યાએ એક આલીશાન બંગલો બનાવત. કદાચ નીનાને થોડા દિવસો ફાવી જાત! બાકી અહીંયાં રહે કોણ? કાકીની બદામ આકારની ઊંડી ઊતરેલી આંખોમાં સતત પાણીની તંગી વર્તાતી રહે છે. કાકી જ્યારે પાસે હોય તો એમની પાસેથી રસોડાના ધુમાડાની અને મસાલાની ગંધ ઊડ્યા કરે. પાણી ભરીને ભીની થયેલી સાડીમાંથી વીંછળી વાસ વછૂટે. મને જમાડતી વખતે કાકા-કાકી કોઈ જ કસર ન છોડે અને કાકી મને ઉષ્માભરી નજરે જોયાં જ કરે. કાકાએ મારા અને પપ્પા માટે આજકાલ બિસ્લેરી બૉટલનો બંદોબસ્ત કરાવેલો છે, પણ ખબર નહીં કેમ પપ્પા હમણાંથી ગામનાં પાણીથી જ ધરાય છે!

મારે માટે અહીં ખાસ કામ નથી છતાંય પપ્પાની ઇચ્છા મુજબ મારે થોડા દિવસો આ જગ્યાએ કાઢવાના હતા. નેટવર્ક પણ આવ-જા થતું એટલે કંટાળીને પલંગ પર ફોનનો ઘા કરી હું બહાર સિગારેટ પીવા નીકળી પડતો. આજકાલ પડોશીઓની, ઓળખીતા લોકોની અવરજવર વધી હતી. દરેક વ્યક્તિ પોતાને મારાં કાક અને કાકી ઓળખાવતી. બાકીની સ્ત્રીઓ ફઈ થઈ જતી અને વધેલા છોકરાઓ મને મુંબઈથી આવેલો જાણી અતરંગી સવાલો પૂછ્યા કરે. મને ઘડી ભર ગમ્મત થાય તો હું પણ અતરંગી જવાબો આપું. પણ એક જ દિવસમાં આખું ગામ ફરી શકાય એટલું મુઠ્ઠીભર ગામ મને કેટલી ગમ્મત કરાવી શકે એમ હતું?

આટલા બધા માણસોની અવરજવર છતાંય સમય આગળ વધવાનું નામ નથી લેતો. પપ્પા હવે બેસી શકતા હતા, વાતો કરી શકતા હતા. કાકા એમને નાનપણની, યુવાનીની, સગાઓની, મિત્રોની કેટકેટલી વાતો યાદ કરાવતા અને એ બંનેની સ્મૃતિઓ હવામાં ભળતી રહે. પપ્પાની અને કાકાની વાતો ખૂટતી જ નહીં. ક્યારેક એમ થાય કે જો સ્મૃતિનું ચલણ અસ્તિત્વમાં આવે તો કાકા પપ્પાની જગ્યાએ અને પપ્પા કાકાની જગ્યાએ હોત ને હું તો ખાલી

ખિસ્સાવાળો કંગાળ રહી જાત! આવા શોરગુલ વચ્ચે પણ હવા ક્યારેક દરિયાનાં મોજાંની જેમ ઊછળીને બારી-બારણાંને થપાટ મારી જતી, જેના તીક્ષ્ણ પડઘા સીધા મારા હૃદયમાં ઊઘડતાં. પપ્પા શું આ જગ્યાએથી ક્યારેય ગયા જ નહોતા કે અહીં હું જે અનુભવું છું એ ચિરસ્વપ્ન છે?

એક દિવસ મારા પગ ઘરનો ડેલો વટી ગયાં. બહાર ઊભેલી આંબલીને ટેકે જઈને મેં સિગારેટ પેટાવી. આખા ગામડામાં બપોરી આળસ મરડીને સાંજ તૈયાર થતી હોય ત્યારે સુક્કાં રસ્તા પરની ધૂળ રમતે ચડે છે. રસ્તાઓ વહેલી સવારથી કામે લાગેલી પનિહારીઓ અને પરસેવો પાડી રળી ખાતા કામ-ધંધાદારી માણસોનો સૂનકાર સર્જે છે. આ સમયે રસ્તા પર ચકલાં પણ ગાયબ હોય, એવામાં આ ઘરના રસોડાને અડીને એકલી ઊભેલી આંબલી એકમાત્ર છાયાનું અતૂટ વચન પાળી રહી છે. મારી ભડકતી સિગારેટનો ધુમાડો ઘડી ભર ગામડાની હવાને દૂર ધકેલી મારા ખપ જેટલી શાંતિનાં કૂંડાળાં રચતો રહે છે. કાકા-કાકી સંતુષ્ટ હોય એવું એમના ચહેરા કહે છે, પણ આ જગ્યાએ કોઈ સુખી?

મારી નજર આંબલીના ઝાડની ઉપર તરફ ગઈ. એક ડાળખી લાંબી થતી રસોડાની ચીમનીને અડતી હતી. જો આ ડાળી કપાઈ જાય તો ઘરની અંદર ભરાતો ધુમાડો ચીમનીથી બહાર તરફ ફેંકાય અને કાકીને આટલી ઉધરસ પણ ન આવે. ઘરમાંયે ધુમાડાથી રાહત રહે. કાકી પાણી ભરવા ગયેલાં. મેં ઘરમાંથી કુહાડી લાવીને છાપરે પોતાની શાખાઓ ફેલાવતી ડાળખીને કાપી નાખી. થોડાં નળિયાં પણ સરખાં કરી નાખ્યાં. મને હતું કે કાકી જોશે તો ખુશ થઈ જશે, પણ પાણી ભરીને આવતાં કાકીના ચહેરા પર એ જ સ્થિર ભાવ રહ્યા. ઉલટું એ દિવસ મેં જોયું કે કાકી મારી સાથે વાતો કરવાનું ટાળતાં રહ્યાં. મેં કારણ પૂછી જ લીધું. તો કાકી પોતાના આરોહ-અવરોહ વગરના અવાજમાં બોલેલાં, ‘ભાભી તને આંયાં હીંચકો બાંધીને રમાડતાં... તું તો આંયાં જ મોટો થયો... ભાભી ગાઈ-રમાડીને તને ખવડાવતા... હું તને આંયાં જ ઝુલાવતી. ખાતાં-ખાતાં જ તું સૂઈ જાય. ક્યારેક તો આખો દી’ આંયાં જ કાઢતો. અમને દેરાણી-જેઠાણીને ગાંડાં કરી નાંખતો.’ કાકી આગળ બોલેલાં, ‘અતાર લગી તો આંયાં ઝૂલોય હતો, પણ ગામનાં છોકારાંવે રમીને તોડી

નાખ્ખો. ડાળી હોત તો કામ જ લાગત. તારા ઘરે..' વાત અધૂરી મૂકીને જ અટકેલાં કાકીની આંખોમાં કંઈક ડોકાઈને પાછું જતું રહ્યું. બિલકુલ એ જ રીતે જ્યારે એમણે મને પહેલી વાર જોયેલો અને આંખોમાં જાણે કંઈક છલકાતા રહી ગયેલું. કાકી કામે વળગ્યાં. મેં અજાણતા જ એમની સ્મૃતિનાં મૂળિયાં ઉખાડી નાખ્યાં હતાં કદાચ. હું કાકીને જોતો રહી ગયો.

■

પપ્પા પૂરા સાત દિવસ મન ભરીને જીવ્યા અને એક રાત્રે એમણે આરામથી દુનિયાથી વિદાય લીધી. આખું ગામ એમના જવાનો સોગ મનાવતું હતું, જાણે સૌના ઘરનું અંગત મરણ હોય! હવા પણ સુન્ન હતી, મારું હૃદય દુઃખતું હતું, પણ પોતાના અનાથ થવાની સભાનતા મને હજુ પણ નહોતી આવી. કાકા મને વળગીને ખૂબ રડેલા. કાકીના મોંમાંથી ઉદ્‌ગાર નહોતા નીકળ્યા, પણ આંખો અકારણ લાલ થઈ જતી. પપ્પાની મૈયત સામે જ્યારે કાકી મારી પડખે મારો હાથ પકડી બેસેલાં તો એમના ઘસાયેલા, ઘરડા નાજુક હાથ પરથી નસો એવી રીતે ઊછળતી હતી જાણે એમનું હૃદય હાથમાં ન આવી ગયું હોય!

આજે ત્રણ દિવસ થઈ ગયા. પપ્પાની કબર ચણાવી લીધેલી અને એના પર એમના નામની તકતી પણ લાગી ગઈ હતી. મારે પાછા જવાનું હતું. નીકળતાં પહેલાં કાકા ફરી વાર કબ્રસ્તાન લઈ ગયા. મારી પીઠે હાથ મૂકીને કહ્યું, 'ભાય, અહીં થોડો મરવો વાવી દઈએ, મરહૂમની કબર પર ટાઢક રહે.' હું કાકાને અનુસરતો રહ્યો. સમજણા થયા પછી પહેલી વાર એ જ કબ્રસ્તાનમાં ભરપૂર ખીલેલાં મરવાથી ઢંકાયેલી મારી માની કબર પણ જોઈ. આ જમીન વર્ષોથી માને મરવાની ઓથમાં સાચવતી રહી હતી. આજ સુધી ક્યારેય આ કબર જોવાની ઇચ્છા કેમ નહીં થઈ હોય? થોડો મરવો કાકાથી નજર ચોરીને હું સાથે લેતો આવેલો. આવીને આંબલીની મૂંડાયેલી ડાળીની બરાબર નીચે વાવી દીધો અને પછી પાછા જવાની તૈયારીઓ શરૂ કરી.

કાકા-કાકીને પોતાની સાથે મુંબઈ આવવાનું કહેલું તો કાકી બોલેલાં, 'હવે ક્યાંય નથી જાવું ભાય! અહીં જ ટાઢી માટી થઈ જાય તો સારું.' કાકાએ ઉમેરેલું, 'તું આવતો રે'જે. હવે તારે હાટુ આંયાં પાક્કો રૂમ બનાવી દેશું. તું તારે આવતે વખતે કોઈ તકલીફ નો પડે. અમારું બધુંય તારું જ છે હો

બેટા!' તપતા પહોરે તે દિવસ અચાનક જ કાકાનો પડછાયો મારા કરતાં મોટો થઈ ગયો હતો. થોડો-ઘણો ખર્ચો દેવા ખિસ્સામાં પહોંચેલા મારા હાથ ભોંઠા પડીને ત્યાં જ રહી ગયા. મારી વિદાય સમયે હવા એક વાર ફરીથી સુન્ન થયેલી. કાકીએ ડેલો વટતાં પહેલાં મારી નજીક આવી કપાળે એક હૂંફાળું ચુંબન આપ્યું. મારા માટે એક જ ક્ષણમાં એ સ્ત્રી આખી દુનિયાની સ્ત્રીઓ કરતાં અલગ તરી ગઈ. કાકી નજર મેળવ્યા વગર જ પાછાં ફરી ગયેલાં. એ આંખો આજે ચોક્કસ છલકાઈ હશે.

- બેક ટુ મુંબઈ - મુંબઈ શહેરને એક હેડલાઈન મળી હતી. શોકસભામાં આવવા નીના ઑસ્ટ્રેલિયાથી પાછી ફરી હતી. આ વીકેન્ડમાં શહેરના અતિ ધનાઢ્ય બિઝનસમેનને ગુમાવ્યા બદલ ધોળા કપડાંમાં શોકસભા રચાશે. હું રાતોરાત ‘છોટે માલિક’થી ‘માલિક’ બની ગયો હતો. શહેરનું હવામાન ટોપ કલાસ હતું. આ બંગલામાં ચોતરફ મારું જ સામ્રાજય હતું. એક સાંજે ઓપન ગાર્ડનમાં લટાર મારતો હતો. અહીં વૃક્ષોને બહુ ડાળીઓ ફેલાવવાની રજા નહોતી. માળી એની સમયાંતરે છણાવટ કરી પગાર રળી લેતો. આ જગ્યાએ હવાઓ પણ મને પૂછીને જ અંદર આવતી. મારી આંખો અજાણ્યા લાગતાં વૃક્ષોની વસ્તીમાં આંબલીની શોધમાં નીકળી હતી કદાચ. હું બગીચાના પાછલાં ભાગે આવેલા સર્વન્ટસ કવાટર્સ પાસે જઈ ચડ્યો. મારા પગ આગળ વધતા અટકી ગયા. અહી આંબલી અને ધુમાડા ભલે ન હોય, પણ ગામડું અને શહેર પણ નથી. અહીં તો ફક્ત અમીરી અને ગરીબી વસે છે.

શોક્સભાનો દિવસ પણ આવી ગયો. એક મિનિટનું મૌન પાળવા મોટા માણસને પોતાના અંગત કહેવડાવતા હજારો લોકોની મેદની ભરાઈ. નીના પબ્લિક સ્પીકિંગ એક્સપર્ટ છે એટલે પપ્પા માટે કહેવા જેવું એ બધું જ બોલી ગઈ. એક મિનિટ નીરવ શાંતિ રહી. એક આલિશાન મકાનના એસી હૉલમાં ખીચોખીચ ભરાયેલી શાંતિ મારા કાનમાં ધાક પાડી રહી છે. મને દૂરથી એક અવાજ સંભળાય છે, જાણે મને કહેતો હોય – ‘ભાય, જલદી પાછો આવજે, આ મરવો પાણી માગે છે.'

■

# સિગ્નલ વગરની જિંદગી

નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્ એનું નામ. બાહુબલી ફિલ્મની સફળતા પછી રાતોરાત પ્રખ્યાત થઈ ગયેલો. ત્યારે વૉટ્સએૅપમાં આવતા ટુચકાના પ્રવાહમાં આવી લોકો એને એક જ સવાલ પૂછતાં કે કટપ્પા તે બાહુબલીને શું કામ માર્યો? શરૂઆતમાં તો કટપ્પાને સુપરસ્ટાર હોવા જેવું લાગતું, પણ પછીથી બાહુબલીના ટુચકાની જે રમઝટ બોલતી એનાથી કંટાળીને હવે તો એ જવાબ આપવાનું પણ ટાળતો. આજકાલ કોઈ ભૂલથી પણ આવું પૂછી લે છે તો કટપ્પા ધૂંઆપૂંઆ થઈ જાય છે. આ પહેલાં પણ એ પોતાના ઉડિપી રેસ્ટોરાંમાં આવતાં લોકોને રજનીકાંત પર રમૂજ કરતા જોઈને ધૂંઆપૂંઆ થઈ જતો. રજનીકાંત એના માટે રજનીકાંત નહોતો, 'રજનીદેવા' હતો. એટલે જ, એના રેસ્ટોરાંનું નામ પણ 'રજની રેસ્ટોરાં' હતું. ઓછામાં પૂરું સ્પેશિયલ ડિશમાં 'રજની ઈડલી' અને 'રજની ઢોસા' હતાં. રજની ઈડલીમાં પહેલાં સાંભાર આવતો અને પછી ઊડીને એમાં ઈડલી પડતી અને ઢોસાની વાત ન પૂછો રાસ્કલા! ઢોસામાં પ્લેટ પહેલા આવતી અને અંદરથી ઢોસા ઊડતા આવતા. બહુ થઈ મજાક, આજે કોઈ જ મજાક નથી કરવી! આજકાલ નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્ દુઃખી રહે છે. દુઃખી એટલે છે કે એનું હૃદય દુઃખી છે અને હૃદય એટલે દુઃખી છે કે એક વખત કામકાજ પતાવીને બપોરના વખતે પોતાના જ રેસ્ટોરાંમાં જ્યારે એ કેળના પાન પર ઢોસાના ટુકડા કરી એમાં સાંભાર અને ચટણી પધરાવી લુસલુસ ખાતો હતો, ત્યારે એના જીવનમાં ઐશ્વર્યા આવી. નામ પણ ઐશ્વર્યા અને દેખાવે પણ વાહ! લાંબી, પાતળી અને નાજુક; મધમીઠું બંગાળી અને અંગ્રેજી બોલતી, જેમાંનું એને કંઈ જ સમજાતું. બાજુની પ્રાથમિક શાળામાં

નવી શિક્ષિકા તરીકે આવેલી. એ એને જોતો જ રહી ગયો, પણ ઐશ્વર્યાની તો નજર સુધ્ધાં એના સુધી ન પહોંચી. પછી એ અહીં અવારનવાર આવી. એને પટાવવા એણે રજનીદેવાના નામે ૨૫ નાળિયેર માન્યાં, પણ એ પછી તો એ સાવ દેખાતી જ બંધ થઈ ગઈ. કટપ્પાએ તપાસ કરાવી તો ખબર પડી કે એની તો શાળામાંથી બદલી થઈ ગઈ છે. કટપ્પા અફસોસ કરતો રહ્યો કે એક વખત ઐશ્વર્યાની સાથે વાત પણ ન થઈ શકી. તો આ હતી જાડી ચામડી, મોટા પેટ અને લગભગ દેખાવે જલ્લાદ જેવા લાગતા દિલફેંક આશિક નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્‌ની દુઃખભરી કહાની.

ઐશ્વર્યા તો ગઈ પણ એની યાદમાં દિવસે-દિવસે કટપ્પાને પ્રેમનો તાવ ચડતો ગયો. આ બાજુ તિબેટના એક નાનકડા ગામડા ડાંબાના કોઈ ખીણ વિસ્તારમાં રહેતી એક કિશોર વયની ચીબી છોકરી પોતાની ઘાસની ઝૂંપડીમાં માયકાંગલી માની પથારી પાસે બેસી એને સૂપ પીવડાવી રહી છે. મા પરંપરાગત તિબેટિયન મસાલા બનાવીને વહેલા જીર્ણ થઈ ગઈ છે અને આ ચીબી છોકરી ચિમળાયેલી કળી જેમ બેકાળજીથી આપોઆપ જ ઊછરી રહી છે. છોકરી બાજુમાં ચાલતા તાડી ગાળવાના કામમાં ક્યારેક કામચલાઉ મજૂરી કરી આવે છે, તો ક્યારેક છૂટક તિબેટિયન સ્વેટર ભરીને ગુજરાન ચલાવે છે. મજબૂરીમાં ક્યારેક માના મસાલા પણ ખાંડવા પડે છે ત્યારે રાતભર હાથમાં મરચાંની લાય બળતી રહે છે. હાથમાં આવતો બધો જ પૈસો માની દવા પાછળ ખેંચાઈ જાય છે. માને જિવાડવી જ એના જીવનનો એકમાત્ર ઉદ્દેશ બની રહ્યો છે. એના નાનકડા મગજમાં માની તબિયત જ્યારે ચિંતાની ખાઈ ખોદતી હોય છે ત્યારે આ તરફ મુંબઈ નગરીના એક ભવ્ય સ્ટુડિયોમાં બેઠો-બેઠો એક અનુભવી ફિલ્મવિવેચક માને જ યાદ કરીને જૂના દિવસોની વાતો મમળાવે છે, 'વો ઝમાને મેં ઐસા દોર ચલતા થા કે હીરો કો નૌકરી મિલતી થી ઔર વો મીઠાઈ લેકે ઘર પે આતા થા, ઔર અપની મા કો કહેતા થા - મા... તેરે બેટેકો આજ નૌકરી મિલ ગઈ હૈ મા! બસ કર યે મશીન ચલાના! અબ તુજે કપડે સિલને કી ઝરૂરત નહીં હૈ... ઔર બૂઢી મા કી આંખો મેં આંસુ આ જાતે થે.' પણ ડાંબાની એ ઘાસની ઝૂંપડીમાં માની આંખો ભીની નહીં પણ સાવ સુક્કી થઈ ગઈ છે અને એ આંખો સીધી છત ઉપર સ્થિર જડાઈ ગઈ છે. આ બાજુ નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્‌ની પણ આંખો

સ્થિર જડાઈ છે, રસ્તા ઉપર! કેળના પત્તા પર આજે પાછો ઈડલી-સાંભારના મિશ્રણનો ઢગલો પડ્યો છે અને કટપ્પાએ ફરી ખાવાનો વિચાર માંડી વાળ્યો. થોડી વાર પછી જાતે એને ડસ્ટબિનમાં ફેંકી આવ્યો! ભૂખ ભાંગી ગઈ હતી.

પણ પૅલેસ્ટાઇનનાં આ ભાગે ભૂખ સિવાય લગભગ બધું જ ભાંગીને હવે બંજર થઈ ગયું હતું. અવારનવાર થતાં આકાશી હુમલાઓ પછી બચી ગયેલી રહેલી પ્રજાને નેસ્તનાબૂદ કરવા એમના પર છેલ્લા નેવું દિવસથી સતત બૉમ્બ ઝીંકાતા હતા. હવે તો કોઈનાં મોત પર રડવાની તાકત પણ નહોતી બચી. આંખો સુક્કીભઠ્ઠ થઈ હતી અને હજુ પણ ‘કયામત આવશે’ ત્યારે હિસાબ થશે એવી આશામાં સજદાઓની પાબંધી વધતી જતી હતી. આજે ફરી થોડી ઘણી ઉછીની રાહત લઈને કોઈ પત્રકારોની ટીમ આવેલી હતી અને એક બાળકે આજે ચોથી વાર પણ એ જ વાત કહી ‘મેં વર્ષોથી બ્રેડ નથી જોઈ.’ એને બ્રેડ મળશે એ દિવસ કદાચ એની ઉજાણીનો દિવસ હશે. પણ ઉજાણીઓ બધાને ખુશ નથી કરતી. અલાસ્કાના એક ઘરમાં કેથરિન હંમેશાં દુઃખી જ રહે છે. અબજોપતિ પતિ હોવા છતાં પોતે સુખી નથી એવી માનસિકતા એને શાતા નથી આપતી. ખુશ પણ કેમ રહે? પોતે બાળકને જન્મ નથી આપી શકતી એ ખોટ એને જીવનના અંધકારમાં ધકેલી દે છે, ત્યારે સત્યની અપેક્ષામાં ને અજવાળાની શોધમાં એ ચર્ચની કોઈ નન પાસે જઈ ચડે છે. સત્ય આટલું સસ્તું અને હાથવગું હોય છે એ એને ત્યારે જ ખબર પડે છે જ્યારે એ નનનાં હૂંફાળા આલિંગનમાં વિલીન થતી જાય છે. છેવટે કેથરિન પ્રેમનું સત્ય પામી જાય છે અને કેથરિનને મળીને નન પણ જીવનનાં સત્યથી ઉજાગર થઈ જાય છે. કેથરિન નનનો ભૂતકાળ નથી જાણતી. ફક્ત એટલું જાણે છે કે આ પ્રેમ કોઈ વાસના નથી – જીવનને ચાલવાની, દોડવાની અને ટકી રહેવાની શક્તિ આપે છે. આ પ્રેમ નામનું સત્ય એને જીવવાની શક્તિ પૂરી પાડીને સંપૂર્ણતાના શિખરે બેસાડી દે છે. ડાંબામાં રાતોરાત આવી જ કોઈ શક્તિ એ ચીની છોકરીની માની છત પર જડાયેલી આંખોએ મેળવી છે. બીજા દિવસની પરોઢે એ અમરત્વ હાંસલ કરી દેવી બનીને ઊઠે છે. મૃત્યુને માત આપીને છોકરીની આશાને જિવાડતી મા છેવટે એક જીવતો-જાગતો ચમત્કાર જ બની રહે છે. એના ચહેરા પર એક અજબ જ તેજ પથરાયેલું છે અને આખા ગામને એ રાતોરાત પોતાના

દેવીપણાના પરચા આપે છે. એ ખૂબસૂરત તિબેટિયન છોકરી દેવીની દીકરી બનીને મંદિર બની બેઠેલા ઘરમાં સુખેથી રહે છે.

સુખના દિવસો તો રાજાના પણ આવેલા છે. વર્ષો સુધી ચિકનની દુકાને નોકરી કર્યા પછી આજે એણે પોતાનું જ ચિકન શૉપ ખોલી છે. આજે એ નોકરમાંથી માલિક બન્યો છે – 'રાજા'સ ચિકન' શૉપનો! પોતાના હાથે પહેલી મુરઘી કાપીને જ્યારે એ ઘરાકને આપે છે ત્યારે કોઈ જ અપરાધભાવ નથી અનુભવતો. શું કામ અનુભવે? આ તો એનું રોજિંદું કામ છે, પણ એક ભૂતકાળનો રાજા આ બધું સહન નથી કરી શક્યો. ઇતિહાસમાં દટાયેલી એક કબર સુધી હજુ પણ કોઈ નથી પહોંચ્યું. રાજગાદી મેળવવાની રમતમાં આ રાજા છેલરાવ એના જ સગા કાકા દ્વારા છેતરપિંડીથી મારવામાં આવેલો અને 'રાજા'સ ચિકન'ના ચિકનની જેમ આના પણ કોઈ જ અપરાધભાવ વગર ટુકડે-ટુકડા કરવામાં આવેલાં. કિશોરવયે મરેલો છેલરાવ આજે પણ પોતાની આપવીતી અમાવસની રાત્રે બધાને કહેતો ફરે છે. કોઈ ભૂવા કે કોઈ પૂજાપાઠ પણ એને શાંતિ નથી આપી શકતા. જીવનનું સત્ય બહુ જ ગૂઢ છે, જે મૃત્યુ પછી પણ છેલરાવને હેરાન કરી રહ્યું છે. મુંબઈના કમાઠીપુરાના એક રૂમમાં એક અતિ સાધારણ ગણિકા પોતાના નવયુવાન ગ્રાહકને રીઝવવા પોતાની લીલાઓ પાથરી બેઠી છે. પોતાના વિખરાયેલા અંગોને સંકેલતી કૌમાર્યભંગમાં પસ્તાવો કરતા છોકરાની સામે ગંદું હસીને મા જેવી ઠાવકી અદાથી કહે છે કે 'અબે ઝલ્લે, રોતા કાઇકું હે? સેક્સ હિ'ચ જિંદગી કા સબસે બડા સચ હે.' રૂમમાંથી બહાર નીકળતો છોકરો દાદર ઊતરતાં આ સત્યને પામવા મથતાં કેટલાયે મુરીદોની કટાર ઓળંગીને ત્યાંથી ભાગી છૂટે છે અને એવી રીતે દોડે છે, જાણે પોતાને પણ પાછળ છોડી દેશે. પોતે આટલો 'ગિલ્ટી' છે તો એ સ્ત્રીને પસ્તાવાનો અહેસાસ ક્યારેય નહીં થયો હોય? આવા કેટલાયે સવાલોના જવાબ આપવામાં મિ. દેવદત્ત અમેરિકાના ફ્રી માહોલમાં ઊછરેલા લાખો યુવાનોને સંબોધીને એમના જીવનના પ્રશ્નો ઉકેલે છે. ખચાખચ ભરેલા ઑડિયન્સમાં મિ. દેવદત્તને એક યુવાન અતિ સામાન્ય જણાતો સવાલ પૂછે છે કે દુનિયામાં આટલું બધું ડિપ્રેશન કેમ છે? આનો જવાબ મિ. દેવદત્ત આપે એ પહેલાં એના પર હજારો કેમેરા ફરી જાય છે. પણ અહીં પૅલેસ્ટાઇનમાં ઊભેલા બાળકને જ્યારે એક પત્રકાર બ્રેડ આપવા જાય છે તો મા એનો હાથ

અટકાવીને કહે છે. 'ભૂલી ગયો? આજે તારું રોઝું છે. ઇફ્તારમાં ખાજે', ને બાળક સુક્કું રડી ઊઠે છે. આવો સવાલ નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્‌ને તો ક્યારેય નથી પજવતો, પણ ઇફ્તારના સમયની રાહમાં બેઠેલું બાળક આજે પોતે ઇફ્તારમાં બ્રેડ ખાશે એ વિચારી કેટકેટલીયે ધન્યતા અનુભવે છે.

પોલને પણ આવી જ ધન્યતા ગુણ્યા દસ અનુભવાઈ હતી જ્યારે એણે ઍમેઝૉનના જંગલમાં પહેલી વાર એનાકૉન્ડાને પકડ્યો હતો અને એના પર રિસર્ચ કરવા સફળ રહેલો. જીવનને આટલું નજીકથી ક્યારેય નહોતું જોયેલું એણે! તૌરેગમાં વસતા તંબુઓમાં આજે અમારાએ સાત બૉયફ્રેન્ડ ઉપર પહેલી વાર લગ્ન કર્યાં છે, ત્યારે એનો પતિ અશાંતિથી છુટકારો મેળવી કેવો ખુશ છે? ના, એ વાળી અશાંતિ નહીં. અહીં અશાંતિ સ્ત્રીનું નામ છે – એની પહેલી પત્ની. અશાંતિને પચ્ચીસ ગધેડા અને બે મોટા ઊંટ આપીને અમારાએ પોતાના માટે વર ખરીદ્યો હતો અને આજે જ્યારે અમારાની મા એના પોતાના તંબુમાં જશે ત્યારે આ આદમી અમારાના તંબુમાં જઈ આખી રાત એના માટે કવિતાઓ ગાતો રહેશે. આજુબાજૂના તંબુઓ પણ આ કવિતાઓ સાંભળશે પણ પોઢેલા જ રહેશે. પોલને દેખાયેલો એનાકૉન્ડા અને અમારાને મળેલો પતિ આજે એકસરખા જ સુંદર લાગે છે. અંધારા તંબુમાં કાળી અમાસ જેવી અમારાના ચાંદીનાં ઘરેણાં દીવાની જેમ ચમકતાં હતાં અને જ્યારે એ બત્રીસી દેખાડતી ત્યારે એનાં ત્યાં હોવાનો અહેસાસ પણ થઈ જતો. એનો પતિ હવે રોજ પરોઢની પહેલી કિરણ સુધી આ જ તંબુમાં રાત વિતાવશે. પણ પોલ કાયમ ઍમેઝૉનના જંગલમાં નથી રહી શકવાનો. હજી પણ દુનિયાનો સૌથી મોટો એનાકૉન્ડા પકડીને સૌથી મોટી રિસર્ચ કરવાની બાકી હતી. પણ હવે એની ખુશી 'એડ્રીનાલિન રશ'માં બદલાઈ ગઈ છે. એ જીવનનું સૌથી મોટું જોખમ ખેડવા તૈયાર થાય છે. એવું જ, જેમ ૭૦,૦૦૦ ફૂટની ઊંચાઈથી નીચે કૂદકો મારીને સિન્ડીને થાય છે. સુંદરતાને દરેક ઇંચથી અને દરેક ઊંચાઈથી માણ્યા પછી જો સિન્ડીને કોઈ શ્રદ્ધા વિષે, ડિપ્રેશન વિષે કે ઈશ્વર વિષે સવાલ કરે તો એ શું જવાબ દેશે? જવાબ તો પેલી ચીની છોકરીની મા પણ નથી આપતી, પણ એના હાથેથી એ ક્યારેક લસણ તો ક્યારેક લવિંગ તો ક્યારેક સૂકાં મરચાં આપી દે છે અને ભક્તો એને પ્રસાદ

સમજી સાજા થઈ જાય છે. ક્યારેક તો પથારીવશ જ, મા ચમત્કાર બતાવે છે. એ પથારીય હવે મખમલી થઈ ગઈ છે. ડાંબાના આ નાનકડા કસબામાં આ મંદિર સહેલાણીઓનું આકર્ષણ બની ગયું છે. જોકે જુવાન થતી છોકરી વારસદાર બની દેવી બની પૂજાવા નથી માગતી. એને લગ્ન કરવાં છે અને બાળકો પેદા કરવાં છે, જેમ એક સમયે કેથરિન ચાહતી હતી. એને વિચાર આવે છે કે માનો પ્રસાદ અહીં કેમ કામ નહીં કરતો હોય? એ હવે સમજી રહી છે કે પ્રકૃતિના નિયમો બધે જ અલગ-અલગ હોય છે. પોલે રિસર્ચ કરી કે એનાકૉન્ડાના પ્રજનન કાળમાં બહુ બધા નર એક જ માદા સાથે પ્રજનન ક્રિયા કરે છે. આ રિસર્ચનો વીડિયોપ્રસારણ જોર્ડનમાં ભોંયરામાં છુપાયેલા એક ઘાતકી બળાત્કારી સુધી પહોંચે છે તો એ મૂછમાં હસે છે કે આ જ કૃત્ય અમે કર્યું તો અમારી પાછળ આખી સરકાર પડી છે? ત્યારે પેલો રાજા છેલરાવનો કાકો કબરમાંથી એને કોસતો રહે છે. 'છટ રે પાપી! તું તો એ સ્ત્રીનો રક્ષક હતો.' કહેવાય છે એ પોતે પણ છેલરાવનો રક્ષક જ હતો. આવું જ એક પ્રસારણ જોઈને એક ગરીબ ચોરને પોતાની જિંદગીનો મહામૂલો ખજાનો હાથ લાગે છે. ચોરને સપનું આવે છે કે જો પિરામિડમાં સૂતેલા મમીની એક નાની એવી વીંટી પણ ચોરીને વેચું તો જિંદગી આખી આરામથી વીતી જાય. આ વાતનો સંકેત મમીને પહોંચે છે અને તે કબરમાં પડખું ફરે છે. આ વાત હૉલીવુડના એક પ્રતિભાશાળી ડાયરેક્ટરને મગજમાં આઇડિયાની બત્તી કરતી જાય છે.

પેલી તિબેટિયન છોકરી કોઈને વરી હશે? ઇફ્તારના સમયને તો હજુયે ચાર કલાકની વાર છે અને એ છોકરો એકીટશે બ્રેડ સામે જોતો જ રહે છે. ગિલ્ટમાં ભાગેલો કિશોર કંઈ દિશામાં વળ્યો હશે? પોલને દુનિયાનો સૌથી મોટો એનાકૉન્ડા મળશે? મિ. દેવદત્ત શું જવાબ આપશે? છેલરાવને ન્યાય મળશે? ને ચોરને વીંટી? એ જાણવું આપણા માટે જરૂરી પણ નથી, કારણ કે આ વાર્તા આ બધા માટે નથી લખાઈ. આ વાર્તા તો નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્‌ની છે.

આપની જાણ ખાતર, નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્ હવે રજનીકાંતને નથી માનતો, પણ આજકાલ બાહુબલી પ્રભાસને માને છે. એક

દિવસ કોઈ બાહુબલીનું પોસ્ટર એની બંધ દુકાનની ઉપર ચોંટાડી ગયું. બીજા દિવસે એની ઘરાકી એટલી વધી કે રાતોરાત લક્ષ્મીનું ખાબોચિયું તળાવ બની છલકાઈ પડ્યું. ત્યારથી કટપ્પા માટે પ્રભાસ પૂજનીય થઈ ગયો. પછી તો આપણો હીરો પોતાની કાળાશ, મોટાપો અને લોકલ ભાષાને સમજે એવી સ્ત્રીથી પરણી પણ ગયો. એનું નામ પણ લક્ષ્મી. હવે નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જૂના લિન્ગમ્ ખુશમખુશ છે અને એ ખુશ તો આપણેય!

■

# રસ્તો

સૂરજ આજે પૂરા જોશમાં હતો. આજે જાણે જમીનને વીંધીને પાતાળ સુધી પહોંચવાનું પ્રણ માંડ્યું હોય, એમ કાળઝાળ વરસતો હતો. વરસાદ આ વર્ષે ઓછો હતો એમાંય આ તો મોસમ જ પાણી વગરની હતી! ક્યારેક એવું લાગતું જલદી ઊઠીને નદી બની વહી જાઉં અને સાગરમાં સમાઈ જાઉં, પણ આવું વરદાન તો મને વેદપુરાણે પણ નથી આપ્યું. માણસોના પ્રતાપે મારા શરીર ઉપર હવે કોઈ જ આવરણો રહ્યાં નહોતાં એટલે તડકો પણ થપાટ મારીને મને અંદરથી વીંધતો રહેતો. ધરતીના પટ પર વિસ્તરાઈને લોકોને ઠેકાણે પહોંચાડવાનું મારું કામ; દુનિયા આખી અને કુદરતનો ભાર વેંઢારવાનું નામ મારી જિંદગી; માણસે મારા ઉપર ડામરના લપેડા એવી રીતે લગાવ્યા હતા કે જાણે બળદને નથ પહેરાવી હળમાં જોડાવા તૈયાર કર્યો હોય!

એક કાચીંડાએ મારા રંગનું વસ્ત્ર ધારણ કર્યું છે, અસ્સલ ડામરિયો રંગ! કોઈની નજરે ન ચડે એમ! અહીં ક્યારેક કીડીઓ અને નાના જીવજંતુઓની નાજુક કાયા મનને હળવો રોમાંચ આપી જાય એવા સમયનો ચોખ્ખો લાભ લેવા આ જીવ ક્યારનું રાહ જોઈને બેઠેલું છે. ઘડી-ઘડી બંને આંખો અલગ-અલગ દિશામાં શિકાર શોધે છે. આજુબાજુ ઊગેલું જંગલી ઘાસ સૂર્યદેવના પ્રતાપે સુક્કું થઈને રંગ બદલીને ધરતીને પંડે ખંજવાળ ઊભી કરે છે. હવે એ પોતાના મૂળ રૂપમાં ક્યારેય નહીં આવે. મારે પંડે છૂટાંછવાયાં ઝાડ-ઝાંખરાં ઠંડકનાં થીગડાં મારતાં રહે છે. અહીં ક્યારેક સાપ-નોળિયાની બથ્થંબથ્થી થાય, તો ક્યારેક રોઝડા માર્ગ વટી પેલે પાર જાય. રાત પડે ત્યાં તો જીવજંતુઓના તેજ અવાજ વાતાવરણમાં જાન જગાડી દે અને જાગતા જુગનુઓની કૂદાકૂદ અંધારામાં વેરાતી જરીની જેમ ચમકી ઊઠે; ક્યારેક પવનની લહેરકી થોડાંઘણાં સુક્કાં પાનને આ બાજુ આંટો મરાવે. થોડા

વખત પહેલાં ખિલખિલ લહેરાતાં વૃક્ષો તો હવે ઉપવાસે ઊતરી તપ કરતાં અઘોરીઓની જેમ ગંભીર મોં ઉપર તડકી ચોપડી બેઠાં છે.

બધા દિવસો સરખા નથી હોતા. વરસાદમાં તો અમે સૌ ખીલીએ. દેડકાની ડ્રાંઉં-ડ્રાંઉં અમને આખી રાત જગાડતી. ક્યારેક અહીં ઊગેલા લીલા ઘાસને ચરવા આસપાસનાં ગામોની ગાયો અને ઘેટાં-બકરાં આવતાં અને ક્યારેક ઊંટ લઈને વણજારા પણ તંબુ તાણતા. ક્યારેક રોઝડાંનાં ધણ દેખાતાં, આમ ધરતીના અંગેઅંગથી જીવ ફૂટી નીકળતો. સાપ પેટ ઘસડી કેડીઓને પંપાળતા તો ક્યારેક વળી એકલદોકલ સસલાંયે આવી જતાં. તો ક્યારેક ભક્ષક અને ભક્ષ્યના જીવ સોંસરવા ખેલમાં કુદરત બાજી મારી જતી. વળી વરસાદ જાય, આ જગ્યાની માયા સંકેલાય ને સઘળું બાધકણી બૈરીની જેમ સૂરજ સામે બાથ ભીડતું. માણસની ગેરહાજરીમાં અમે સૌ જીવતાં. આ જંગલ, પશુ-પંખી, જીવજંતુ, કેડીઓ, આકાશ, હવા અને હું! સૌથી ઉપર સૂરજનું અસ્તિત્વ રહે. ક્યારેક હળવો થઈને એ અમારા સૌના પંડ ઠારતો તો ક્યારેક અપલખણો થઈને ઊંચે ચડી બધાંને દઝાડતો. અહીં જંગલ હતું, પણ જંગલી જાનવરો હવે બહુ રહ્યાં ન હતાં. ખાલી પડેલા કલરવમાં ક્યારેક એકલદોકલ પારેવું વિસામો ખાવા રોકાતું અને ઝડપથી વિદાય લઈ લેતું. મને પેલી કોયલ યાદ આવતી, જે આંબાની શોધમાં અહીં વિસામો ખાવા બેસતી ને હળવું સંગીત વેરી જતી, જાણે વગડામાં રોનકની ટપાલ નાખવા ન આવી હોય! જોકે હવે તો અહીં કાગડાય નથી આવતા. આસપાસની આટલી બધી ચહેલપહેલમાં હવે હું એક જ માણસોને જ કામની વસ્તુ લાગતો હોઈશ, એટલે કાચી કેડીએ ડામર લીંપી નેતાજી ઉદ્ઘાટન કરી ગયેલા. મને તો લાગેલું કે એમને તો રોજ મારી જરૂર પડ્યા કરશે, પણ સાંભળ્યું છે કે એમને હવે પાંખો આવી છે? અહીંથી તો હવે ફક્ત ભારખટારા, સાઇકલ, બાઇક અને ક્યારેક બિચારો કોઈ ગરીબ પગપાળો જ જાય છે.

■